# સાવ મામુલી

–રજનીકુમાર પંડ્યા

‘હેતુ ?’

‘શાળા બનાવવી છે.’

‘પણ એમાં તમને મારી આટલી બધી જમીન જોઈએ ?’

‘જોઈએ તો ખરી, મનચંદાણી શેઠ, વધારે જોઈએ. કારણ કે સરકારી કાનુન મુજબ શાળા ખોલવી હોય તો સાથે પ્લેગ્રાઉન્ડ પણ જોઈએ અને સેનીટેશનની પણ પુરી સગવડ જોઈએ.’

મનચંદાણી શેઠે કશ લઈને સીગારેટવાળો હાથ જમણી તરફ પડેલી ઍશ-ટ્રે તરફ લંબાવ્યો અને થુલી ખંખેરી પછી સામેના વૉલપીસ તરફ તાકી રહ્યા. નીર્ણયની ઘડી સુધી પહોંચતાં લગી વીચારોનાં નાનાંમોટાં બોગદાંમાંથી પસાર થવું પડે. એ બધું ચહેરા પર સ્પષ્ટ વરતાઈ આવે. ક્યાં પહોંચી ગયા ?

●

૧૯૪૭ના ભાગલા વખતે નીર્વાસીત બનીને સીંધના સખ્ખર (સક્કર) પ્રદેશમાંથી ગુજરાતમાં ઉતરી આવ્યા હતા. કોઈ બંદુકનો ભડાકો ધણધણે અને પંખીઓ એકસામટાં માળામાંથી પાંખો ફફડાવીને ઉડી જાય એમ જ થયું હતું. એ વખતે ઉડતાં પંખીમાંથી એકાદને પકડીને કોઈ એની છાતીએ ટચલી આંગળી મુકે તો પણ સમજાઈ જાય કે પાંખોમાં ફફડાટ પછી જનમ્યો હશે; પહેલાં પ્રાણ ફફડી ઉઠ્યો હશે. ભયે આંખોનો આકાર બદલી નાખ્યો હશે.

એવા દીવસો હતા. ગંદકીથી છલોછલ. એ દીવસોની દુર્ગંધ તો હજુ નાકમાં સચવાઈ રહી છે. ખેર, પણ એ વાતનો આ લોકો શાળા માટે મફત જમીન માગવા આવ્યા છે એની સાથે શો સમ્બન્ધ ? શાળા ખોલવી કે એ માટે મદદરુપ થવું એ ઉમદા કામ છે. નીર્વાસીત બનીને અહીં આવ્યા ત્યારે પહેરેલે કપડે આવ્યાં હતાં. આજે મબલખ પૈસો અને પ્રોપર્ટી છે. ચાલીસ વરસના યુદ્ધમાં આ બધું જીત્યું ને જમા કર્યું. ત્યાંથી આવ્યા પછીનાં ચાલીસ વરસ એ રીતે યુદ્ધનાં હતાં. મનચંદાણી ત્યાં શીક્ષક હતા અને અહીં વેપારમાં પડ્યા અને તરી ગયા. દુઃખ માત્ર એક જ વાતનું હતું કે નાના છોકરાનો સખ્ખરમાં અધુરો છોડેલો અભ્યાસ આગળ ધપાવી શક્યા નહીં. છોકરાને ધંધામાં જોતરી દેવો પડ્યો.

●

‘નાના શેઠ નથી ?’ શાળાના એક ટ્રસ્ટીએ માત્ર વીવેકથી પુછ્યું.

‘એ બહાર ગયો છે.’ મનચંદાણી બોલ્યા : ‘પણ તમે ચીંતા ના કરો. ડીસીશન તો હું જ લઈશ.’

‘નાનક શેઠના હાથે જ ભુમીપુજન કરાવીએ.’ એક જણ બોલ્યો. નાનક શેઠ એટલે મનચંદાણીનો દીકરો.

મનચંદાણી જરા દુઃખથી મરકીને બોલ્યા : ‘અભણના હાથે શાળાનું ભુમીપુજન ના કરાવાય.’

'અભણ ?' એક ટ્રસ્ટી બોલ્યાઃ 'હોય નહીં '

'હોય નહીં; હોવા પણ ના જોઈએ.' મનચંદાણીએ કહ્યું અને એકાએક બે શબ્દો પર સો મણનું વજન મુકીને બોલ્યા : 'પણ છે. અમે સીંધથી આવ્યા ત્યારે એણે અભ્યાસ છોડી દેવો પડ્યો હતો.'

'પણ શેઠ,' એક જણ બોલ્યો : 'એ વખતે તો એડમીશનના બહુ પ્રશ્નો ક્યાં હતા ? તરત જ એડમીશન આપી દેતા હતા. એમાંય નીરાશ્રીતોનાં બાળકોને તો તરત જ.'

'નીરાશ્રીત ના કહો.' મનચંદાણી એકદમ શીક્ષકના ભાવમાં આવી જઈને બોલ્યા : 'નીર્વાસીત કહો. કોઈ કોઈને આશરે નથી હોતું; ભરોસે હોય છે. છાપરાના મકાનધણીને છાપરાનો ભરોસો હોય છે. અમે શેના નીરાશ્રીત ? અમે તો અમારા દેશના જ બીજા ભાગમાં, અમારાં જ સ્વજનો વચ્ચે આવ્યાં હતાં.'

'સાચું.' એક જણ બોલ્યો ને પછી શુદ્ધ માખણના સ્વરમાં ઉમેર્યું : 'પણ જુઓને, અહીં આવીને આપે કેવાં કેવાં સારાં કામ કર્યાં ? એ બધું આપના પુરુષાર્થનું જ ફળ ને ?'

'પણ મનચંદાણી શેઠ,' બીજો ટ્રસ્ટી બોલ્યો. 'નાના શેઠને જોઈને કોઈ એમ ના કહી શકે કે એ ભણ્યા નથી.'

'ભણેલો છઠ્ઠી અંગ્રેજી સુધી.' મનચંદાણી બોલ્યા, 'પણ અહીં આવીને અમારે ચાર-પાંચ ગામ બદલવાં પડ્યાં, તે પણ એને ભણાવવાના હેતુથી જ.'

'તે પછી શું કંઈ મુશ્કેલી ઉભી થયેલી ?' પહેલા જણે પુછ્યું.

મનચંદાણીના મનમાં એ ત્રણ-ચાર માસની મુશ્કેલી ફરી સજીવ થઈ ઉઠી. થોડોક સમય તો રેફ્યુજી કૅમ્પમાં રહ્યા હતા; પણ પછી ભાડે મકાન શોધવા નીકળ્યા હતા. પણ હીંદુસ્તાનમાં મકાન !
એ દશ્યો યાદ આવી ગયાં.

●

'કેવા છો ?

'ઓહ, નીરાશી ? (નીરાશ્રીત) સીંધી !'

મનચંદાણી કંઈ બોલ્યા નહોતા. વધેલી દાઢી પર હાથ ફેરવી રહ્યા હતા.

'ત્યારે તો માંસ-મચ્છી ખાતા હશો, ખરું ?'

જુઠું બોલવાનું મન તો થયું; પણ બોલી ન શકાયું. બોલ્યા : 'ક્યારેક, પણ અમારા ઘરની બહાર એની ગંધ પણ ના આવે.'

'નથી આપવું, ભાઈ, અમારે મકાન.' કહીને મકાનધણી અપમાનભરી નજર ફેંકીને ઉભો થઈ ગયો હતો.

'અરે, અરે !', મનચંદાણી બોલવા ગયા, 'શેઠ, તમે કહેશો તો નહીં ખાઈએ.'

પણ મકાનધણીનું મોં બગડી ગયું હતું. જાણે કે સામે જ મચ્છી ન તળાતી હોય ! મનચંદાણી બીજે ગયા.

આખરે 'કહેશો ત્યારે ખાલી કરી દઈશું'–ની શરતે એક જગ્યાએ રુમ-રસોડું-ઓસરી મળ્યાં હતાં. શરત એ હતી કે માંસ-મચ્છી-ઈંડાં કશું રાંધવામાં નહીં આવે.

મનચંદાણીનો એક માસ તો માંડમાંડ સુખચેનથી પસાર થયો. અહીં નાનક નીશાળે પણ જવા માંડ્યો હતો. પણ એક દીવસ સવારમાં જ -

'ભાઈ, રોજેરોજ અમને આ ના પોસાય.' મકાનમાલીક અને એની બૈરી સામે જ ઉભાં હતાં. આ શબ્દો એમના હતા.

'શું સાહેબ ?'મનચંદાણીએ પુછ્યું. મકાન-ધણીયાણીનું મોં એકદમ બગડી ગયું. એ બોલી : 'તમે અમને બે દી'માં મકાન ખાલી કરી દો.'

'અરે, પણ શું થયું ?' મનચંદાણીએ પુછ્યું.

'અમારાથી તમારા રસોડાની વાસ સહન નથી થાતી રોજરોજ.'

'પણ બહેન', મનચંદાણી એકદમ દયામણો ચહેરો કરીને બોલ્યા : 'અમે અહીં કંઈ જ અખાજ ખાતા નથી. અરે ઈંડાં પણ નહીં !'

'પણ ડુંગળી-લસણ તો ખાઓ છો ને !' એની વાસ અમારું મગજ ફેરવી નાખે છે. સવાર-સાંજ અમારા ઘરમાં પુજાપાઠ થાય. ડુંગળી-લસણનું તો અમારાથી નામ ના લેવાય. અમે ધરમધ્યાનમાં માનવાવાળાં. અમારાથી આવું સહન થાય જ નહીં.'

મનચંદાણીએ બે દીવસમાં ગમે તેમ કરીને બહુ દુરના વીસ્તારમાં મકાન તો શોધી લીધું; પણ નાનકાને ચાલુ નીશાળ છોડાવવી પડી. નાનકાનો જીવ પણ આ ઉથલધડાને કારણે ભણવામાં રહ્યો નહોતો. અંતે ધંધામાં જોતરાઈ ગયો. છઠ્ઠી અંગ્રેજીથી મૅટ્રીકનું સ્ટેશન પછી કદી આવ્યું જ નહીં!

આ બધી વાત કરીને મનચંદાણીએ ટ્રસ્ટીઓને કહ્યું : 'પણ ખેર, એ બધી ગઈ ગુજરી જવા દો.'

'આપણાં લોક જરી ધરમ-કરમવાળાં વધુ ને !' એક ટ્રસ્ટી બોલ્યા ને એ જ ક્ષણે મનચંદાણીના મનમાં ત્રીસ વરસ પહેલાંની પેલી મકાન-ધણીયાણીની છબી ઉપસી આવી. એણે ફરી પેલાને પુછ્યું : 'શું કહ્યું આપે ?'

'ચુસ્ત મરજાદીમાં અમારામાં લસણ-ડુંગળી ના ખાય.' પેલાએ એકદમ ઠાવકાઈથી કહ્યું.

મનચંદાણીને હવે બાંસઠ ઉપર થઈ ગયાં હતાં. પોતાની વાત સામાના ગળે ઉતારવાના નીષ્ફળ મરણીયા પ્રયત્નની લાંબી જફા કરવા કરતાં; વાતનો સાવ બંધવાળી દેવાની સુખ આપનારી સમજણ મનમાં બરાબર વીકસી ચુકી હતી. એટલે એમણે કહ્યું : 'ખેર, તમારે જમીન જોઈએ છે ને ? હું આપીશ. માત્ર મને અઠવાડીયાનો સમય આપો. મને કાગળીયાં તપાસી લેવા દો. વકીલને પુછી લેવા દો. સમજી ગયા ને ?'

ઉઠતાં ઉઠતાં એ લોકોએ પુછ્યું : 'જાહેરાત કરી દઈએ ?'

'ના.' મનચંદાણીએ કહ્યું: 'એટલું બાકી રાખો.' બહાર નીકળીને એક ટ્રસ્ટી બોલ્યા : 'મનચંદાણી શેઠ બોલ્યું પાળે જ. એમાં બેફીકર રહેવું.....'

●

'આપને વકીલે ના પાડી ?' ટ્રસ્ટીઓએ સાવ દયામણા ચહેરે પુછ્યું.

'ના.' મનચંદાણી બોલ્યા : 'તમે ગયા પછીના આ પંદર દીવસમાં હું મારા વકીલને એકે વાર મળ્યો નથી.'

'તો ?' બીજો ટ્રસ્ટી બોલ્યો : 'અમારો કંઈ વાંક ?'

'વ્યક્તી તરીકે આપનો કોઈ જ વાંક નથી.' એમણે કહ્યું, 'વાંક તો મારો કે મેં આપને લગભગ વચન આપ્યું અને પાળ્યું નહીં.'

'અમને તમારા પ્રત્યે વધારે દુઃખ એ માટે છે....' એક ટ્રસ્ટી ઠંડી કંપારીવાળા અવાજથી બોલ્યા : 'તમે અમને જમીન ના આપી તો કંઈ નહીં; પણ પેલા ઈસ્લામીયા મદ્રેસાવાળાને આપી દીધી !'

'શેઠ.' બીજો જણ બોલ્યો : 'કોઈ પાકીસ્તાન ચાલ્યા ગયેલા મેમણની જમીન મદ્રેસા ટ્રસ્ટને મળે તો સમજ્યા. પણ આપણી હીંદુની ! અને એમાં પણ સીંધીની ?' એક ટ્રસ્ટીને બહુ ગરમી થતી હતી.

બોલ્યો : 'તમે જરા વીચાર તો કરો, મનચંદાણી શેઠ ! આ એ જ મુસલમાનો છે કે જેમણે તમને તમારા વતનમાંથી હાંકી કાઢ્યા.' બોલતાં બોલતાં એના મોં પર ધીક્કારની રેખાઓ સળવળી ગઈ. એ બોલ્યો : 'આમાં આપણી હીન્દુ કોમની એકતા ક્યાં રહી ?' એનું મોં એવી રીતે બગડી ગયું કે મનચંદાણીને અચાનક ત્રીસ વરસ પહેલાં જોયેલી મકાન-ધણીયાણીના ખુબસુરત ચહેરાની 'કુરુપતા' યાદ આવી ગઈ !

એમણે કહ્યું : 'મને મારા હીન્દુ ધર્મ પ્રત્યે અપાર લાગણી છે, ભાઈ. ને એવું પણ નથી કે હું દુશ્મન છું ધર્મનો. ને એવું પણ નથી કે ઈતીહાસને હું સમજ્યો નથી. સમજ્યો છું, એટલે જ મને.....'

'માફ કરજો, શેઠ' એક ટ્રસ્ટી બોલ્યો : 'આ બાબતમાં આપ અમને સમજાવી નહીં શકો.'

'તમને કોઈ વાતમાં સમજાવી શકતો નથી એ જ તો મારી બદનસીબી છે.' મનચંદાણી બોલ્યા : 'ને સમજાવવા પણ નથી માગતો. પણ એટલું સમજો તો સારું કે ત્યાંથી અમને હાંકી કઢાવનાર જે મુસલમાનો હતા, તે આ નહોતા. ને એટલું પણ સમજવા ના માગતો હો તો કહું કે.... ભાઈ, તમને ખબર છે કે જ્યારે અમારી રહેણી-કરણી, ખોરાક કે ડુંગળી-કાંદા જેવી આદતને કારણે છેલ્લે છગન જાદવજી ગાંધી અને એની બૈરીએ બે દીવસમાં મકાન ખાલી કરાવ્યું ત્યારે મકાન મને કોણે આપ્યું હતું ?'

કોઈના પણ જવાબની રાહ જોયા વગર એ બોલ્યા : 'એક મુસલમાને જ મને મકાન આપ્યું હતું. ને એ મકાનમાં અમે એકધારાં સોળ વરસ કાઢ્યાં હતાં. કદી કોઈ વાંધોવચકો પણ પડ્યો નહોતો.'

●

'ઉંહ !' બહાર નીકળીને એક ટ્રસ્ટી બોલ્યા : 'જમીન ના આપવી હોય તો કાંઈ નહીં; પણ તમે જોયું ? માણસો બહાનાંય કેવાં કેવાં આગળ ધરે છે ?'

'સાવ મામુલી.' બીજો બોલ્યો અને સૌ એક સાથે એક ટોળીમાં ચાલવા લાગ્યા.

–રજનીકુમાર પંડ્યા

સર્જકસમ્પર્ક:

Rajnikumar Pandya,

D-8, Rajdeep Park, Baliyakaka Road, Meera Talkies Char Rasta, Maninagar,

Ahmedabad-380 028.

Gujarat.INDIA eMail : rajnikumarp@gmail.com Blog : http://zabkar9.blogspot.in/

Contact: +91 79 253 237 11 Mobile : +91 98980 15545 (Avoid calling between 2 to 4 pm)

♦●♦

'સન્ડે ઈ–મહેફીલ' – વર્ષઃ દસમું – અંકઃ 303 – August 24, 2014

'ઊંઝાજોડણી'માં અક્ષરાંકનઃ ઉત્તમ ગજ્જર – uttamgajjar@gmail.com

♦●♦

More than 3,10,51,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 33,55,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 6,77,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 92,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@